# Kids કોર્નર

**Hello Kids.**

You are here on your corner એટલે કે આ ખૂણો સ્પેશિઅલી તમારા માટે છે. If you have your poem, your story, or a game for print. અથવા તમે કાંઈ એવી સિધ્ધી મેળવી હોય જે Share કરવા જેવી હોય તો તરત with photograph and bio data અહીં મોકલી આપો. આ ખૂણો બીલકુલ તમારો છે. બીજા Kids ને interesting લાગે એવું હોય તેને અહીં જગ્યા મળશે. તમારું મેટર નીચેના e-mail એડ્રેસ પર સેંડ (send) કરો.

email- kidscorner@gujaratmitra.in



# આળસુ ગજ્જુ અને જંગલની સભા

**વારતા રે વારતા**

એક સુંદર અને ઘટાદાર જંગલમાં ગજ્જુ નામનો એક તોતિંગ હાથી રહેતો હતો. ગજ્જુ દેખાવમાં તો ભવ્ય હતો, પણ તેની આળસ આખા જંગલમાં પ્રખ્યાત હતી. જ્યારે અન્ય હાથીઓ ટોળામાં શિસ્તબદ્ધ રીતે ચાલતા અને નવા-નવા ખોરાકની શોધમાં માઇલો સુધી મુસાફરી કરતા, ત્યારે ગજ્જુ કોઈ વડના ઝાડ નીચે નસકોરાં બોલાવતો જોવા મળતો.

**ગજ્જુની જીવનશૈલી**

ગજ્જુનો એક જ નિયમ હતો: "કામ ચોરી અને ખાંડ ચોરી." તેને પાકા કેળા અને શેરડી ખાવા બહુ ગમતા, પણ તે જાતે તોડવાને બદલે હંમેશા કોઈની રાહ જોતો. તે વિચારતો, "હમણાં કોઈ પવન આવશે અને ફળ નીચે પડશે, પછી હું આરામથી ખાઈશ." તેના મિત્રો - ચિમ્પુ વાંદરો અને ટીકુ સસલું - તેને રોજ રમવા બોલાવતા, પણ ગજ્જુ હંમેશા બહાનું કાઢતો:

"આજે મારા પગ દુખે છે."

"આજે સૂરજ બહુ ગરમ છે."

"મને લાગે છે કે મારે હજુ એક ઊંઘ પૂરી કરવાની જરૂર છે."

**જંગલની મોટી આફત**

એક વર્ષે જંગલમાં ભયંકર દુષ્કાળ પડ્યો. નદીઓ સુકાવા લાગી અને લીલું ઘાસ પણ મળવું મુશ્કેલ થઈ ગયું. જંગલના રાજા સિંહે જાહેરાત કરી કે, "આપણે બધાએ સાથે મળીને પહાડની પેલે પાર આવેલી હરિયાળી ખીણમાં સ્થળાંતર કરવું પડશે. રસ્તો લાંબો અને પથરાળ છે, એટલે બધાએ સજ્જ રહેવું પડશે."

બધા પ્રાણીઓએ તૈયારી શરૂ કરી દીધી. પણ ગજ્જુ? તે તો હજુ પણ એ જ વિચારી રહ્યો હતો કે, "કોઈ ચમત્કાર થશે અને અહીં જ વરસાદ પડશે. કોણ આટલું ચાલીને ત્યાં જાય?"

**મુસીબતની ઘડી**

બધા પ્રાણીઓ નીકળી ગયા. ગજ્જુ પણ છેલ્લે નીકળ્યો ખરો, પણ તેની આળસને કારણે તે બહુ ધીમો હતો. રસ્તામાં એક સાંકડી ખીણ પાર કરવાની હતી. ગજ્જુનું શરીર આળસ અને બેઠાડુ જીવનને કારણે ભારે થઈ ગયું હતું. તે પથરાળ રસ્તા પર લપસ્યો અને તેનો પગ એક મોટી શિલા વચ્ચે ફસાઈ ગયો.

તેણે જોર કરવાની કોશિશ કરી, પણ શરીરમાં સ્ફૂર્તિ જ નહોતી. તડકો વધતો જતો હતો અને ગજ્જુ તરસથી વ્યાકુળ થઈ રહ્યો હતો. તે બૂમો પાડવા લાગ્યો, "બચાવો! મને કોઈ મદદ કરો!"

**કીડીઓનું પરાક્રમ**

ત્યાંથી કીડીઓનું એક આખું સૈન્ય પસાર થતું હતું. તેમની રાણીએ ગજ્જુની હાલત જોઈ. કીડીઓએ વિચાર્યું કે આટલા મોટા હાથીને આપણે કેવી રીતે બચાવી શકીએ? પણ કીડીઓ ક્યારેય આળસ કરતી નથી.

હજારો કીડીઓએ ભેગી મળીને ગજ્જુના પગની આસપાસની માટી ખોદવાનું શરૂ કર્યું. કલાકોની મહેનત પછી માટી ઢીલી થઈ. નાનકડી કીડીએ ગજ્જુના કાનમાં જઈને કહ્યું, "ગજ્જુ ભાઈ, આ છેલ્લી તક છે. આળસ છોડો અને પૂરી તાકાત લગાવો!" ગજ્જુએ પહેલીવાર પોતાના જીવનમાં ખરેખર મહેનત કરી. તેણે જોરદાર ઝટકો માર્યો અને તેનો પગ મુક્ત થઈ ગયો.

**નવું જીવન**

ગજ્જુ માંડ-માંડ હરિયાળી ખીણમાં પહોંચ્યો. ત્યાં જઈને તેણે જોયું કે મહેનતુ પ્રાણીઓ ખુશ હતા. ગજ્જુએ તે દિવસે પ્રતિજ્ઞા લીધી: "જે શરીર કામ નથી કરતું, તે આફતના સમયે સાથ પણ નથી આપતું." હવે ગજ્જુ જંગલનો સૌથી મહેનતુ હાથી બની ગયો છે. તે નાની કીડીઓને પોતાની પીઠ પર બેસાડીને ફેરવે છે અને ક્યારેય કોઈ કામ માટે 'કાલે' શબ્દ વાપરતો નથી.

# ભારતમાં રવિવારની રજાની શરૂઆત ક્યારથી થઈ?




રવિવારનો દિવસ એટલે આરામનો દિવસ, પરિવાર સાથે સમય વિતાવવાનો દિવસ, કામ પરથી બ્રેક લેવાનો દિવસ. આપણા ત્યાં રવિવારને લોકો ખરેખરમાં તહેવારની જેમ માને છે. 6 દિવસ કામ કર્યા બાદ સપ્તાહમાં એક રજા મળતી હોય છે. જોકે રવિવારની રજાની શરૂઆત ક્યારથી થઈ તેના વિશે આજે અમે તમને જણાવીશું. ભારતમાં રવિવારની રજાની શરૂઆત 10 જૂન 1890ના રોજ થઈ હતી. આ સમયે ભારતમાં અંગ્રેજોનું રાજ ચાલતું હતું. ભારતમાં રવિવારના દિવસની રજાની શરૂઆત થાય તે માટે શ્રમિકો દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું.

અંગ્રેજોના રાજ દરમિયાન ઇન્ડસ્ટ્રિયલ એરિયામાં કામ કરતા શ્રમિકોને સપ્તાહના સાત દિવસ કામ કરવા માટે બળજબરી કરવામાં આવતી હતી. ખાસ કરીને તે બોમ્બેમાં મીલ શ્રમિકો સાથે આ વધારે કરવામાં આવતું હતું. કલાકો સુધી તેમને કામ કરવા માટે મજબૂર કરવામાં આવતા અને બ્રેક પણ ન મળતા તેમની જિંદગી મુશ્કેલ બની ગઈ હતી. આ સમયે નારાયણ મેઘાજી લોખંડે આગળ આવ્યા હતા.

નારાયણ મેઘાજી લોખંડેએ શ્રમિકોની તકલીફ જોઈ અને દર સપ્તાહે તેમણે રજાની માગ કરી. 1881થી 1884 વચ્ચે તેમણે વિરોધ પ્રદર્શન કર્યા. સાથે જ તેમણે બ્રિટિશ એડમિનિસ્ટ્રેશનને મેમોરેન્ડમ આપ્યા અને પોતાની માંગ સાથે 10 હજાર વર્કરને ભેગા કર્યા. આ આંદોલન અંદાજે 7 વર્ષ સુધી ચાલ્યું હતું. સતત દબાણ વધતા છેલ્લે કોલોનિયલ સરકારને જવાબ આપવા મજબૂર કરવામાં આવી.

10 જૂન 1890ના રોજ રવિવારે સત્તાવાર ભારતમાં કામદારો માટે રજા જાહેર કરવામાં આવી. આ શ્રમિકો માટે ખરેખરમાં એક મોટી જીત હતી. જોકે રવિવારનો દિવસ પસંદ કરવાનો નિર્ણય ધાર્મિક અને પ્રેક્ટિકલ બંન્ને રીતે જોવામાં આવ્યો હતો. તે સમયે ભારત પર રાજ કરનારા બ્રિટિશ અધિકારીઓ ખ્રિસ્તી ધર્મને માનતા હતા.

રવિવારને ટ્રેડિશનલ પ્રાર્થના અને ચર્ચ જવાના રૂપમાં મનાવવામાં આવતો હતો. રવિવારે રજા આપવા બ્રિટિશ એડમિનિસ્ટ્રેટિવ રીતિ રિવાજ સાથે જોડાયેલું હતું. બીજી તરફ નારાયણ મેઘાજી લોખંડેની માંગને પરંપરાગત રીતે પણ એક તર્ક આપવામાં આવ્યો. તેમણે જણાવ્યું કે રવિવાર હિંદૂ દેવતા ખંડોબા સાથે જોડાયેલો છે અને હિંદૂ ધર્મમાં રવિવાર સૂર્ય ભગવાનને સમર્પિત છે.

તેમનું કહેવું હતું કે જે રીતે બ્રિટિશ અધિકારી પોતાના ધાર્મિક રીતિ રિવાજોનું પાલન કરે છે તે જ રીતે ભારતીય મજૂરો પણ સપ્તાહમાં એક દિવસ આરામ કરવા અને પોતાના સમાજમાં જીવવાના હકદાર છે. રવિવારના દિવસને આરામ કરવાનો દિવસ માનવાનો કોન્સેપ્ટ ભારતમાં પહેલાથી શરૂ નહોતો થયો. આના મૂળિયા 321 એડીથી જોડાયેલા છે.

## હેપ્પી બર્થડે




નામ : ખુશી પટેલ
માતા : અવની પટેલ



નામ : મુબસ્શીરા મોમીન
માતા : ફરહાદ મોમીન


## રસ્તો શોધો





## તફાવત શોધો



## ટપકાં જોડો



## શબ્દો પૂરો




# PUZZLE ZONE

ડો. ચંદ્રેશ જરદોશ

## SIGN GAME

Q1 ખાલી જગ્યામાં આ સાથે જણાવેલ કોઈપણ સંજ્ઞા (+, - , ×, ÷) નો ઉપયોગ કરી સમીકરણ સાચું બનાવો.

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | | 4 | | 6 | | 8 | | 08 |
| 2) | 2 | | 4 | | 6 | | 8 | | 06 |
| 3) | 2 | | 4 | | 6 | | 8 | | 04 |

## CHANGE THE WORD

Q2 આપેલા શબ્દોમાંથી દર વખતે એક અક્ષર બદલી નવો શબ્દ બનાવી છેલ્લો શબ્દ બનાવો.

| | | |
|---|---|---|
| C | O | W |
| | | |
| | | |
| B | U | T |

## CHHOTA SUDOKU

Q3 આપેલા (9) ચોરસના સમૂહમાં 1 થી 9 ના અંકો એવી રીતે મૂકો કે દરેક વર્તુળની આજુબાજુના 4 ચોરસનો સરવાળો વર્તુળમાં દર્શાવેલા અંક જેટલો જ થાય. દરેક અંકનો ઉપયોગ માત્ર એક જ વખત કરવાનો છે કેટલાક અંકો ચોરસમાં આપેલા જ છે.

| | | |
|---|---|---|
| | | 6 |
| | 2 | |
| 8 | | |

વર્તુળો: 21, 16, 23, 12

## BROKEN WORDS

Q4 નીચે આપેલા તૂટેલા શબ્દોને આપેલી ચાવીની મદદથી જોડીને મકાનના જુદી જુદી જગ્યાઓના 7 નામ બનાવો

| | | | | | |
|---|---|---|---|---|---|
| BA | AN | DI | SE | CL | NG |
| NT | OS | RO | DR | TR | ET |
| OOM | DEN | EN | CE | ME | |
| BA | BE | NI | TH | OM | |

| ચાવી | શબ્દો |
|---|---|
| 3 અક્ષર | 1 |
| 4 અક્ષર | 1 |
| 6 અક્ષર | 1 |
| 7 અક્ષર | 1 |
| 8 અક્ષર | 2 |
| 10 અક્ષર | 1 |

જવાબ
1. DEN
2. BATH
3. CLOSET
4. BEDROOM
5. BASEMENT
6. ENTRANCE
7. DINING ROOM

## જવાબો

Q1

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1) | 2 | + | 4 | - | 6 | + | 8 | = | 08 |
| 2) | 2 | × | 4 | × | 6 | ÷ | 8 | = | 06 |
| 3) | 2 | + | 4 | + | 6 | - | 8 | = | 04 |

Q2

| | | |
|---|---|---|
| C | O | W |
| C | O | T |
| C | U | T |
| B | U | T |

Q3

| | | |
|---|---|---|
| 3 | 7 | 6 |
| 9 | 2 | 1 |
| 8 | 4 | 5 |

વર્તુળો: 21, 16, 23, 12